# Telephone conversation between Prime Minister and President of USA

June 02, 2020

## વડાપ્રધાન અને યુએસએનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

જૂન 02, 2020

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનાં રાષ્ટ્રપતિ મહામહિમ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

રાષ્ટ્રપતિ ટ્રમ્પ ગ્રુપ ઑફ સેવનની યુએસ પ્રેસિડેન્સી વિશે બોલ્યા હતા અને ભારત સહિત અન્ય મહત્વનાં દેશોનો સમાવેશ કરવા પ્રવર્તમાન સભ્યપદથી આગળ જુથની સીમા વધારવાની તેઓની ઈચ્છા પાઠવી હતી. આ સંદર્ભમાં, તેઓએ યુએસએમાં યોજનાર આગામી જી-7 શિખર સંમેલનમાં હાજરી આપવા વડાપ્રધાન મોદીને આમંત્રણ આપ્યું હતું.

વડાપ્રધાન મોદીએ તેઓનાં રચનાત્મક અને દુરોગામી અભિગમ બદલ રાષ્ટ્રપતિ ટ્રમ્પની પ્રશંસા કરી હતી, અને એ તથ્યનો સ્વિકાર કર્યો હતો કે આવું બૃહદ મંચ કોવિડ-બાદની ઉદ્ભવતી વાસ્તવિકતાઓને અનુરૂપ બની રહેશે. વડાપ્રધાને કહ્યું હતું કે ભારત પ્રસ્તાવિક શિખર સંમેલનની સફળતા માટે યુએસ અને અન્ય દેશો સાથે કાર્ય કરવામાં આનંદ અનુભવશે.

વડાપ્રધાન મોદીએ યુએસમાં ચાલી રહેલા સિવિલ વિક્ષેપો બાબતમાં ચિંતા વ્યક્ત કરી હતી અને આ પરિસ્થિતિનું વહેલા નિરાકરણ આવે તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

બન્ને નેતાઓએ બન્ને દેશોમાં કોવિડ-19 પરિસ્થિતિ, ભારત-ચીન સીમા પરની પરિસ્થિતિ, અને વિશ્વ આરોગ્ય સંસ્થામાં સુધારાઓ કરવાની જરૂરીયાત જેવા અન્ય વિષયી મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોની આપલે કરી હતી.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ વર્ષે ફેબ્રુઆરીમાં લીધેલી તેની ભારતની મુલાકાતને સ્નેહપૂર્ણ રીતે યાદ કરી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે તે મુલાકાત ઘણી રીતે યાદગાર અને ઐતિહાસિક હતી, અને દ્વિપક્ષીય સંબંધોમાં નવી ગતિશિલતા પણ ઉમેરી હતી.

આ વાતચીતની અસામાન્ય હૂંફ અને નિખાલસતાએ ભારત-યુએસ જોડાણોનાં વિશેષ સ્વભાવ, તથા બન્ને નેતાઓ વચ્ચેની મૈત્રી અને પારસ્પરિક માન પ્રતિબિંબિત કર્યા હતા.

**નવી દિલ્હી**
**જૂન 02, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.